# તંત્રી લેખ......

## જજ વર્મા સામે મહાભિયોગ

ભારતીય ન્યાયતંત્રની મજબૂત શાખ સામે સવાલ ખડા કરતાં પ્રકરણમાં ન્યાયાધીશ યશવંત વર્માની સામે મહાભિયેગ પ્રસ્તાવની પ્રક્રિયા હવે આગળ વધતી દેખાય છે, પણ આવી દરખાસ્ત માટે અનિવાર્ય એવી પ્રક્રિયાને હજી સમય લાગે તેમ હોવાથી જજ વર્મા સંસદના ચોમાસુ સત્ર સુધી તો હોદ્દાને વળગી રહીને તમામ સુવિધાઓ મેળવતા રહેશે. દિલ્હીની વડી અદાલતના ન્યાયાધીશપદ દરમ્યાન તેમના સરકારી નિવાસસ્થાનેથી અડધી બળેલી ચલણી નોટો મળી હોવાનાં ચર્ચાસ્પદ પ્રકરણમાં લોકસભાના અધ્યક્ષે પૂરતી સંખ્યામાં સાંસદોની સહી સાથેની મહાભિયોગ દરખાસ્તનો સ્વીકાર કર્યો છે. લોકસભાના અધ્યક્ષે આ દરખાસ્તનો સ્વીકાર કર્યા બાદ જજ વર્માની સામેના ગંભીર આરોપોની તપાસ માટે સમિતિની રચના કરી છે. આ સમિતિમાં મદ્રાસ વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સર્વોચ્ચ અદાલતના એક જજનો સમાવેશ કરાયો છે. આ સમિતિ તેનો અહેવાલ સુપરત કરે તે પછી સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ પર વિગતે ચર્ચા હાથ ધરાશે. શક્યતા એવી છે કે, શિયાળુ સત્ર દરમ્યાન આ કાર્યવાહી હાથ ધરાઈ શકે છે, પણ નૈતિક રીતે જોઈએ તો જજ વર્માએ ખેરખર તો હવે રાજીનામું આપી દેવું જોઈએ, તેમણે આ માર્ગ પસંદ કરવાને બદલે કોઈ પણ હિસાબે પોતાનો બચાવ કરવાનો ઈરાદો બતાવી આપ્યો છે. અત્યાર સુધી ઉચ્ચ ન્યાયતંત્રના કોઈ પણ જજની સામે મહાભિયોગ પ્રસ્તાવ પસાર થઈ શક્યો ન હોવાની બાબતને ધ્યાનમાં લઈને ન્યાયાધીશ વર્મા આ કાર્યવાહીનો સામનો કરીને પોતાનો બચાવ કરવાનો ઈરાદો ધરાવતા હોય એમ જણાઈ રહ્યંઅ છે. રાજીનામું આપવાનો ઈરાદો ન ધરાવીને વર્માએ ભારતીય ન્યાયપાલિકાની સાખને વધુ નુકસાન પહોંચાડયું હોવાનું જણાઈ રહ્યંઅ છે, તેમણે સર્વોચ્ચ અદાલતની આંતરિક તપાસ સમિતિના અહેવાલને પડકારતી અરજી કરી હતી, તેને પણ અદાલતે નકારી કાઢી હોવા છતાં તેઓ હજી પોતાના બચાવની દલીલને વળગી રહ્યા છે, તેમનું કહેવું છે કે, આ પ્રકરણ તેમની સામેનું કાવતરું છે, પણ અડધી બળેલી ચલણી નોટો તેમના નિવાસે કોણ મૂકી ગયું તેનો તેઓ ખુલાસો કરી શક્યા નથી. દિલ્હીની વડી અદાલતના ન્યાયાધીશ તરીકે વર્માની સામે આ ગંભીર આરોપ સામે આવ્યા બાદ તેમને અલ્હાબાદ વડી અદાલતમાં મોકલી અપાયા હતા, પણ આવા સ્પષ્ટ કેસ છતાં હવે તેઓ સંસદની કાર્યવાહી પૂરી થાય ત્યા સુધી હોદ્દા પર ચાલુ રહેશે એ વાત પણ ધ્યાન ખેંચે તેવી છે.

# સાબરકાંઠા ભાજપ દ્વારા હિંમતનગર ખાતે વિભાજન વિભિષિકા કાર્યક્રમ ઉજવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દર વરસે ૧૪ ઓગસ્ટને આઝાદી અગાઉ અનેક યાતનાઓ અને નરસંહારની યાદ તાજી થાય તથા નવી પેઢીને જાણકારી મળે તે આશયથી ગુજરાત સહિત સમગ્ર દેશમાં વિભાજન વિભિષિકા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે,

ત્યારે આજે સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા એક વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં પ્રદેશના વકતા અને પૂર્વ ધારાસભ્યોએ અનેક દષ્ટાંતો સાથે ઉપસ્થિત લોકોને વાકેફ કર્યા હતા, આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ પ્રદેશ મહામંત્રી ભરતભાઈ પંડયાએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસ ની સરકાર હતી ત્યારે પંડીત જવાહરલાલ નહેરૂ અને મહંમદ અલી જીણા ના કારણે દેશને નુકશાન થયુ છે. આઝાદી પહેલા જીણાએ અનેક વખત ઉશ્કેરણી જનક ભાષણો કરી મુસ્લીમોને ઉશ્કેર્યા હતા. એટલુ જ નહી બંગાળમાં એ સમયે ૧૦ હજારથી વધુ હિન્દુઓની કતલ કરવામાં આવી હતી, સાથોસાથ તત્કાલીન વડાપ્રધાન નહેરૂએ પાકિસ્તાનના પ્રધાનમંત્રી



લીયાકત અલી સાથે સમજુતી કરી અને નકકી થયુ હતુ કે જેને જયાં જવુ હોય ત્યાં જાય, પરંતુ તેની માન્ય રાખવામાં આવ્યુ ન હતું.જેના લીધે સ્થળાંતર દરમિયાન કત્લેઆમ થઈ હતી જેથી તે દિવસને વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કાશ્મીરમાં અગાઉ બે સંવિધાન હતા જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે બંધારણમાં નવી ૩૭૦ ની કલમ ઉમેરીને અમલકરતા આજે કાશ્મીરનો વિકાસ વધ્યો છે. પર્યટન અને રોજગારીના ક્ષેત્રો સાથે શાંતિ સ્થપાઈ છે. પરંતુ તેથી પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયુ છે. મરતા પહેલા સાવરકરજીએ કહેલુ કે સિંધુ મને પાછુ આપો, આપણે સિંધુ નદીનુ પાણી બંધ કર્યુ, પહેલગામની ઘટના પછી ઓપરેશન સિંદુર નારી શકિતના ગૌરવ માટે ઓપરેશન સિંદુર પાર પાડયુ, પંડયાએ વધુમાં જણાવ્યુ હતુ કે સારા નાગરીક બનવુ એ પણ દેશભકિતનો ભાગ છે. સ્વદેશી વસ્તુઓ અપનાવી એ પણ દેશભકિતનો ભાગ છે. ટ્રમ્પ જેવા વિશ્વને વેપાર સમજે છે, આપણે વિશ્વને પરીવાર સમજીએ છીએ, કોરોનામાં વિશ્વના અનેક દેશનો રસી પુરી પાડી આ આપણા માનવતાનુ કામ છે હવે ભારતને ધ્યૈર્ય અને શકિતની જરૂર છે. તે આપણે શકિતશાળી પણ બન્યા છીએ તેવુ તેમણે જણાવ્યુ હતું.

# સુપ્રિમ કોર્ટે ઈવીએમ જ કોર્ટમાં મંગાવીને કરી મતોની ગણતરી : જીતેલો હાર્યો અને હારેલો જીતી ગયો

પ્રતિનિધિ,ગાંધીનગર

હરીયાણામાં એક સરપંચ ચુંટણી સંબંધીત વિવાદમાં સુપ્રિમ કોર્ટે મોટો નિર્ણય લીધો છે. કોર્ટે ચુંટણીમાં ઉપયોગમાં લેવાયેલી ઈલેકટ્રોનીક વોટીંગ મશીન (ઈવીએમ) અને અન્ય રેકોર્ડ મંગાવ્યા હતા. મતોની ગણતરી પોતાના રજીસ્ટ્રારની દેખરેખ હેઠળ કરાવી હતી. આ પ્રક્રિયા દરમિયાન બંને પક્ષો હાજર રહ્યા હતા અને સમગ્ર પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરવામાં આવી હતી ત્યારબાદ ૧૧ ઓગસ્ટના રોજ આના આધારે સુપ્રિમ કોર્ટે ચુંટણી પરીણામ જાહેર કર્યુ હતું.

જસ્ટીસ સુર્યકાંત, જસ્ટીસ દીપાંકર દત્તા અને જસ્ટીસ એન કોટીશ્વર સિંહની ખંડપીઠે આ નિર્ણય આપ્યો, હરીયાણાના પાણીપત જિલ્લાના બુઆના લાખુ ગામની ગ્રામ પંચાયતના સરપંચ ચુંટણીને લઈને ઉદભવેલા વિવાદ પર સુપ્રિમ કોર્ટે આ પગલુ લીધુ, બંને પક્ષો વચ્ચેના વિવાદ મુજબ બુઆના લાખુ ગામના સરપંચ પદ માટે ૨ નવેમ્બર ૨૦૨૨ ના રોજ ચુંટણી યોજાઈ હતી. જેમાં કુલદીપસિંહને જીતાડવામાં આવ્યા હતા. ઉમેદવાર મોહિતકુમારે ચુંટણી પરીણામો પર પ્રશ્ન ઉઠાવીને સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. પાણીપતના એડીશનલ સીવીલ જજ




(સીનીયર ડીવીજન) કમ ચુંટણી ટ્રીબ્યુનલે ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ બુથ નં. ૬૯ ના મતોની પુનઃ ગણતરીનો આદેશ આપ્યો હતો. ઉપાયુકત-કમ-ચુંટણી અધિકારીને ૭ મે ૨૦૨૫ ના રોજ મતોની પુનઃ ગણતરી કરવાનો

### પુનઃ ગણતરીથી મોહિતકુમાર સરપંચઃ સુપ્રિમ કોર્ટે રદ કર્યો હાઈકોર્ટનો આદેશ : ઈવીએમ તપાસ બાદ નવો સરપંચ નિર્ધારીત

નિર્દેશ આપવામાં આવ્યો હતો જો કે ચુંટણી ટ્રીબ્યુનલના આ આદેશને પંજાબ અને હરીયાણા હાઈકોર્ટે રદ કરી દીધો હતો. ત્યારબાદ સુપ્રિમ કોર્ટમાં આ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં આવી હતી. ૩૧ જુલાઈના રોજ આ મામલો સુપ્રિમ કોર્ટમાં આવ્યો ત્યારે ખંડપીઠે ઈવીએમ અને અન્ય રેકોર્ડ રજુ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે જ કોર્ટે માત્ર એક બુથ ની નહી પરંતુ બધા બુથોની મતોની પુનઃ ગણતરીનો આદેશ પણ આપ્યો હતો. ૩૧ જુલાઈના આદેશમાં કોર્ટે જણાવ્યુ હતુ કે આ મામલાના વિશેષ તથ્યો અને પરીસ્થિતિઓને ધ્યાનમાં રાખીને પાણીપતના નાયબ કમિશ્નર અને જિલ્લા ચુંટણી અધિકારી, હરીયાણાને સુચના આપવામાં આવે છે કે તેઓ બધી ઈવીએમને ૬ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સવારે ૧૦ વાગે આ ન્યાયાલય રજીસ્ટ્રાર (જેને સેક્રેટરી જનરલ દ્વારા નામાંકીત કરવામાં આવશે) સમક્ષ રજુ કરે. નામાંકીત રજીસ્ટ્રારને માત્ર વિવાદીત બુથની નહી પરંતુ બધા બુથોની મતોની પુનઃ ગણતરી કરવાની હશે. પુનઃ ગણતરીની પ્રક્રિયાની વિડીયોગ્રાફી યોગ્ય રીતે કરવામાં આવશે. અરજી કરતા સાથે સાથે પ્રતિવાદી નં. ૧ અથવા તેમના પ્રતિનિધિઓ પુનઃ ગણતરી દરમિયાન હાજર રહેશે, ૬ ઓગસ્ટના રોજ પાર્ટી પ્રતિનિધિઓ અને સહાયક વકીલોની હાજરીમાં પુનઃ ગણતરી કરવામાં આવી, બુથ નં. ૬૫ થી ૭૦ સુધીની પુનઃ ગણતરી કરવામાં આવી અને એક સંશોધીત પરીણામ તૈયાર કરવામાં આવ્યુ જેમાં અપીલ કરતા મોહિતકુમારને ૧૦૫૧ મત મળ્યા, જયારે કુલદીપસિંહ ૧૦૦૦ મત થી પાછળ રહ્યા, રજીસ્ટ્રારે આનો રીપોર્ટ પણ રજુ કર્યો હતો. ૧૧ ઓગસ્ટના રોજ સુનાવણી દરમિયાન ખંડપીઠે જણાવ્યુ કે આ ન્યાયાલયના ઓએસડી (રજીસ્ટ્રાર) દ્વારા રજુ કરાયેલા રીપોર્ટ પર પ્રથમ દ્રષ્ટીએ શંકા કરવાનુ કોઈ કારણ નથી, ખાસ કરીને જયારે સમગ્ર પુનઃ ગણતરીની વિડીયોગ્રાફી યોગ્ય રીતે કરવામાં આવી હોય અને તેના પરીણામ પર બંને પક્ષોના પ્રતિનિધિઓના હસ્તાક્ષર કરવામાં આવેલા છે. ખંડપીઠે પંજાબ અને હરીયાણાના હાઈકોર્ટના આદેશને રદ કરી દીધો અને મોહિતકુમારને સરપંચ તરીકે ચુંટાયેલા જાહેર કર્યા.

આમ પહેલા હારેલો ઉમેદવાર જીતી જાય છે અને જીતેલા ઉમેદવારને હારનો સ્વાદ ચાખવો પડે છે. સુપ્રિમ કોર્ટે નાયબ કમિશ્નર કમ ચુંટણી અધિકારી પાણીપતને નિર્દેશ આપ્યો કે તેઓ બે દિવસની અંદર આ સંબંધમાં એક જાહેરનામુ જાહેર કરે, જેમાં અપીલ કરતા મોહિતકુમારને ઉપરોકત ગ્રામ પંચાયતનો ચુંટાયેલો સરપંચ જાહેર કરવામાં આવ્યો. અપીલ કરતા તાત્કાલીક ઉપરોકત પદ સંભાળીને પોતાના કર્તવ્યોનુ પાલન કરવાનો અધિકાર થશે. કોર્ટે સ્પષ્ટ કર્યુ કે પક્ષકારો હજુ પણ ચુંટણી ટ્રીબ્યુનલ સમક્ષ કોઈ બાકી રહેલા મુદ્દા ઉઠાવી શકે છે. પરંતુ જયાં સુધી પુનઃ ગણતરીના પરીણામનો સંબંધ છે , ત્યાં સુધી ચુંટણી ટ્રીબ્યુનલ સુપ્રિમ કોર્ટના ઓએસડી (રજીસ્ટ્રાર) ના રીપોર્ટને અંતિમ અને નિર્ણાયક રીપોર્ટ તરીકે સ્વીકારશે. ખંડપીઠે આગળ આદેશ આપ્યો કે પુનઃ સીલ બંધ રીપોર્ટ અને ઈવીએમને રેકોર્ડનો ભાગ બનાવવા માટે ચુંટણી ટ્રીબ્યુનલને મોકલવામાં આવે.

આજથી શરુ થશે વાર્ષિક ફાસ્ટેગ પાસ

# દેશભરમાં ૧૫ ઑગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરૂ થશે

### કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છેઃ વાર્ષિક કિંમત ૩૦૦૦

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં આજથી એટલે કે ૧૫ ઑગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરુ થવાનો છે. જેમાં કેન્દ્ર સરકાર સ્વતંત્રતા દિવસ પર નવો ફાસ્ટેગ પાસ લોન્ચ કરવાની છે, જેની વાર્ષિક કિંમત ૩૦૦૦ રૂપિયા છે. કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છે. આ માટે નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI) અને રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ પરથી એક્ટિવેશન પ્રોસેસ થઈ શકશે. સરકારે નવો ફાસ્ટેગ લોન્ચ કરવાની જાહેરાત કર્યા બાદ હવે વાહનચાલકોને ફાયદો કરાવતી ઓફર લાવી છે. સરકારે કહ્યું છે કે, ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે.

વાર્ષિક ફાસ્ટેગ પાસ અંતર્ગત પ્રાઈવેટ કારચાલક નેશનલ હાઈ-વે અને નેશનલ એક્સપ્રેસ-વે પર કોઈપણ એક્સ્ટ્રા ચાર્જ વગર ટોલ ગેટ પાર ક્રોસ કરી શકશે. આ માટે ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવવાનો રહેશે. આ પાસની વેલીડીટી ૧ વર્ષની રહેશે તેમજ વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે.

આ ઉપરાંત આ પાસ નેશનલ હાઈવે ઓથોરિટી ઑફ ઈન્ડિયાના પોર્ટલ અને રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ પરથી એક્ટિવ કરી શકાશે.

એક ટોલ ક્રોસિંગને એક એક ટ્રિપ ગણવામાં આવે છે. રાઉન્ડ ટ્રિપ (આવવું-જવું) કરવામાં આવે તો ૨ ટ્રિપ ગણાશે. બંધ ટોલ પ્લાઝા પર, એન્ટ્રી અને એક્ઝિટને એક ટ્રિપ માનવામાં આવશે. તેમજ NHAIએ જણાવ્યું છે કે FASTag Annual Pass લેવો ફરજિયાત નથી. તમે ઈચ્છો તો FASTagની હાલની સિસ્ટમનો ઉપયોગ પણ કરી શકો છો, જેમાં તમારે રિચાર્જ કરાવવું પડશે.

કેન્દ્ર સરકારે જાહેર કરી નવી ટ્રિપની સુવિધા માત્ર નેશનલ હાઈવે અને નેશનલ એક્સપ્રેસ ટોલ પ્લાઝા પર જ લાગુ પડશે. જ્યારે એક્સપ્રેસવે, રાજ્ય ધોરીમાર્ગો પર પણ ફાસ્ટેગ નિયમિત રીતે ચાલુ રહેશે. માર્ગ પરિવહન મંત્રાલયનો નવો આદેશ દેશના તમામ ટોલ પ્લાઝા પર લાગુ નહીં પડે. વાહનચાલકોને નવા ફાસ્ટેગ પાસનો ફાયદો માત્ર NHAIના ટોલ પ્લાઝા પર જ થશે.

ઉલ્લેખનીય છે કે, નવો ફાસ્ટેગ પાસ માત્ર કાર, જીપ અને વાન જેવા વાહનો માટે છે. આ પાસ બસ અને ટ્રક જેવા મોટા વાહનોને લાગુ નહીં પડે અને તેઓએ ટોલ ટેક્સ ચૂકવવો જ પડશે.

**FASTag Annual Pass** બધા પ્રકારના વાહનો માટે નહીં હોય. ફક્ત VAHAN ડેટાબેઝ દ્વારા તપાસ કર્યા પછી ખાનગી નોન-કોમર્શિયલ વાહનોને જ મળશે.

# ભાજપના નેતાઓને ખુરશીનો મોહઃ ૧૬૧ સહકારી બેંકોમાં ૮૭૬ ડીરેકટરો સમય મર્યાદા વિત્યા બાદ પણ પદ છોડતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના નિયમ અનુસાર સહકારી બેંકોમાં ૮ વરસથી વધુ સમય સુધી ડાયરેકટર પદે રહી શકાય નહી, ગુજરાતમાં સહકારી બેંકમાં પણ ભાજપનો કબ્જો રહ્યો છે. નિયત સમય મર્યાદા પુર્ણ થઈ હોવા છતાંય ડીરેકટરો પદ છોડવા તૈયાર નથી. ગુજરાતમાં નિયમ અને કાયદાનો અમલ જ કરાતો નથી. પરીણામે સહકારી બેંક પર ભાજપનુ આધીપત્ય હોવાનુ ચિત્ર ઉપસ્યુ છે. જો સહકારી બેંક પર અન્ય રાજકીય પક્ષનો દબદબો રહ્યો હોત તો કદાચ આ કાયદાનો ગુજરાતમાં કડકપણે અમલ કરાયો હોત,

સહકારી બેંકમાં પારદર્શીતા જળવાઈ રહે તે માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ નિયમ ઘડયો છે કે કોઈપણ સહકારી બેંકમાં ડીરેકટર પદે ૮ વરસથી વધુ સમય સુધી રહી શકાય નહી, જો કે આ સમય મર્યાદામાં વધારો




કરીને ૧૦ વરસ કરાયો હતો. કેન્દ્ર સરકારે ગેઝેટ બહાર પાડી ને કાયદામાં સુધારો કર્યો હતો. આ સુધારો ઓગસ્ટ ૨૦૨૫ માં લાગુ કરાયો હતો. સહકારી બેંકોમાં ઘણા ડાયરેકટર લાંબા સમય સુધી અડીંગો જમાવીને બેઠા છે અને પદ છોડવા તૈયાર નથી. રાજયસભામાં આ મામલો ગુંજયો હતો, ગુજરાતની સહકારી બેંકોમાં ઘણા ડાયરેકટરો એવા છે જે ઘણા લાંબા સમયથી પદ પર યથાવત રહ્યા છે. તે મુદ્દે સવાલ પુછાતા કેન્દ્રએ ખુલાસો કર્યો કે ગુજરાતમાં ૧૬ જિલ્લા અને તાલુકા સહકારી બેંક એવી છે જયાં ૧૬૯ ડીરેકટરો ૮ વરસ વિત્યા પછીય હોદ્દા પર ગોઠવાયેલા રહ્યા છે. ગીર સોમનાથ, પાલનપુર, અમદાવાદ, વલસાડ, ભાવનગર, કચ્છ, સુરત, નડીયાદ, અમરેલી, રાજકોટ, જુનાગઢ, જામનગર, સાબરકાંઠા, અરવલ્લી, નવસારી, પંચમહાલ, સહિત અન્ય જિલ્લામાં કુલ મળીને ગુજરાતની ૧૪૫ શહેરી સહકારી બેંકોમાં પણ ૮૭૬ ડીરેકટરો ૮ વરસથી વધુ સમય મર્યાદા પુર્ણ થયા બાદ ડીરેકટર પદ છોડવા તૈયાર નથી. ભાજપના નેતાઓ સહકારી બેંકો પર જાણે કબ્જો જમાવીને બેઠા છે.

રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલે આક્ષેપ કર્યો હતો કે સહકારી બેંકોમાં મોટાભાગના ડીરેકટરો ભાજપ સાથે સંકળાયેલા રહ્યા છે, જો ગુજરાતમાં આ કાયદાનો કડકપણે અમલ કરવામાં આવે તો, કેટલાય ભાજપના નેતાઓની ડીરેકટર પદેથી હકાલપટ્ટી થાય તેમ છે, આ કારણોસર ગુજરાતમાં આ મામલે ઢીલાશ દાખવવામાં આવી રહી છે, સત્તાધીશો રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા અને સરકારના નિયમોને ઘોળીને પી ગયા છે. જેથી કાયદાનો અમલ કરાતો નથી, વાસ્તવમાં જો નિયમનો અમલ થાય તો યુવા નેતાઓને તક મળી શકે છે. ખુદ ભાજપના જ નેતાઓ આ કાયદાનો અમલ થાય તેમ ઈચ્છી રહ્યા છે જેથી વરસોથી ડીરેકટર પદે અડીંગો જમાવેલા નેતાઓની વિદાય થાય.

# સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં યુવકે જાતિનો બોગસ ખોટો દાખલો બનાવી તરકટ રચ્યું : દાખલામાં સહી સિકકા બોગસ હોવાનુ જણાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં જાતિનો દાખલો બોગસ ખોટો તૈયાર કરવામાં આવ્યો હોવાનો કિસ્સો બહાર આવ્યો છે જેને લઈ જિલ્લા વહિવટી તંત્રમાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

જાતિના બોગસ ખોટા પ્રમાણપત્ર નિકળતા હોવાને લઈ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

ઈડર તાલુકાના મણીયોર ગામના યુવકે પોસ્ટ વિભાગમાં નોકરી મેળવવા માટે જાતિનુ પ્રમાણપત્ર રજુ કર્યુ હતું. જે પ્રમાણપત્ર વેરીફીકેશન માટે પોસ્ટ વિભાગે ગાંધીનગર થી ઈડર મામલતદાર કચેરી ખાતે મોકલ્યુ હતુ આ પ્રમાણપત્ર અંગે કોઈપણ પ્રકારની દાખલો તૈયાર કરવાના પુરાવા નહી હોવાનુ બહાર આવ્યુ હતું.

બનાવને લઈ ચોકી ઉંઠેલ ઈડર મામલતદાર કચેરીએ જાતિના પ્રમાણપત્ર અંગે વહીવટી શાખા દ્વારા તપાસ શરૂ કરી છે. જેમાં જાતિના દાખલામાં સહી અને સિકકાની છાપને લઈ બોગસ હોવાનુ જણાતા કલેકટર કચેરીને જાણ કરવામાં આવી હતી. જેને લઈ હવે મામલાની ગંભીરતાના આધારે કલેકટર દ્વારા તપાસના આદેશો કરવામાં આવ્યા છે. તપાસમાં સરકારી કર્મચારી અને અધિકારીઓની મીલીભગત જણાશે તો અધિકારી / કર્મચારી વિરૂધ્ધ કાર્યવાહી પણ કરાશે તેવુ અધિક કલેકટરે જણાવ્યુ હતું.

બોગસ સહી સિકકા કર્યા હોવાનુ સાબિત થયા બાદ પોલીસ ફરીયાદ નોંધવાની કાર્યવાહી પણ થઈ શકે છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ૭૯માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો પ્રજા જોગ સંદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના મારા વ્હાલા સૌ નાગરીક ભાઈઓ બહેનો સ્વતંત્રતાના ૭૯ માં પર્વની, આપ સૌને ખુબ ખુબ શુભેચ્છાઓ, આઝાદીના સાડા સાત દાયકાથી વધુ સમય પુર્ણ કરીને આપણે સ્વતંત્રતાની શતાબ્દી તરફ આગે કદમ ભરી રહ્યા છીએ, આજે આપણો દેશ વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન પામવા સક્ષમ બન્યો છે.

વૈશ્વિક વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. તેના પાયામાં પોતાના લોહી પરસેવાથી આઝાદીનુ વટ વૃક્ષ સિંચનારા ક્રાંતિ વિરો, સ્વાતંત્ર સેનાનીઓ અને રાષ્ટ્ર પુરૂષોનો ત્યાગ, તપસ્યા અને બલીદાન પડેલા છે. ભારત માતાને વિદેશ શાસનમાંથી મુકિત અપાવવા વર્ષોનો વર્ષ સંઘર્ષ કરીને બ્રિટીશરોની લાઠી ગોળી ખાનારા એ સૌ પુણ્યાત્માઓને આજે નતમસ્તક વંદન કરવાનો પણ અવસર છે.

રાષ્ટ્ર હિત પ્રથમનો ભાવ હૈયે હોય અને સૌનુ નહી સમસ્તનુ ભલુ કરવાની પ્રતિબધ્ધતા હોય તો અસરકારક પરીણામો મેળવી શકાય છે. ભારતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લીડરશીપમાં ઓપરેશન સિંદુરની સફળતાથી દુનિયાને એ બતાવ્યુ છે, આતંકવાદ કે દેશને સુરક્ષા સલામતી સામેનો કોઈ કાંકરીચાળો ભારતમાં ચાલશે નહી, એવો સાફ સંકેત વડાપ્રધાને દુનિયાને આપી દીધો છે. આદરણીય નરેન્દ્રભાઈની પ્રેરણાથી દેશભરમાં તિરંગા યાત્રા દ્વારા રાષ્ટ્ર પ્રેમનો અનેરો માહોલ ઉજાગર થયો છે. ગુજરાતમાં આપણે ગામે ગામ અને નગરો તેમજ શહેરોમાં હર ઘર તિરંગા અભિયાનથી જનજનમાં



રાષ્ટ્ર હિત પ્રબળ બનાવ્યુ છે.

ભાઈઓ બહેનો આ વરસનુ સ્વતંત્રતા પર્વ આપણા માટે વિશેષ મહત્વનુ પર્વ છે. ૧૯૬૦ માં મુંબઈ રાજયથી અલગ રાજય તરીકે અસ્તિત્વમાં આવેલા આપણા ગુજરાતના ૭૫ વરસ એક દાયકા પછી એટલે કે ૨૦૩૫ માં થવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વિકાસની જે ભવ્ય ઈમારત રચી છે. તેને ગુજરાત ૭૫ માં વૈશ્વિક વિકાસની નવી ઉંચાઈએ પહોચાડવાનો આપણો સંકલ્પ છે. ભારતની આઝાદીના ૧૦૦ વરસ ૨૦૪૭ માં પુરા થાય અને દેશ સ્વતંત્રતાની શતાબ્દી ઉજવે તે પહેલા ગુજરાતને તો આ એક મોટો અવસર મળવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીશા દર્શનમાં સૌના કલ્યાણ, સૌના વિકાસ અને સૌની સુખ સમૃધ્ધિની નેમ રાખી છે. આપણે વિકાસના લાભ છેવાડાના, અંત્યોદય, ગરીબ માનવી સુધી ૧૦૦ ટકા પહોચે તે સેચ્યુરેશન એપ્રોચથી સુનિશ્ચિત કર્યુ છે. સાથોસાથ આહાર, આરોગ્ય, અભ્યાસ અને આર્થિક આધાર પણ સૌને મળે તેવી અનેક જનકલ્યાણ યોજનાઓ અને નિર્ણયો કર્યા છે. એટલુ જ નહી રાજયની ઉજવળ આવતી કાલ માટે દિકરીઓના અનેક વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરી છે. સ્વસ્થ્ય અને સક્ષમ ભવિષ્યના નિર્માણ માટે આંગણવાડીઓથી લઈને પ્રાથમિક શાળાના ભુલકાઓને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાથી પોષક આહાર પુરો પાડીએ છીએ, કૃષિ અને ગ્રામિણ અર્થ તંત્રથી લઈને વેપાર ઉદ્યોગક્ષેત્ર અને સેવા ક્ષેત્ર દરેકે દરેક ક્ષેત્રોમાં સૌને ઉડીને આંખે વળગે તેવો વિકાસ ગુજરાતે કર્યો છે.

આદરણીય વડાપ્રધાને આપેલા રીફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મ સુત્રને ગુજરાતમાં ભલીભાંતી ચરીતાર્થ કર્યુ છે. પોલીસી ડ્રીવન સ્ટેટ અને પ્રો એકટીવ ગવર્નાન્સ ની ગુજરાતની ઈમેજને સમય અનુરૂપ પોલીસી રીફોર્મ્સ તથા સમયાનુકુળ પોલીસી ફ્રેમ વર્ક થી વધુ ઉજળી બનાવી છે. વિકસિત ભારત ૨૦૪૭ ના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવા આપણે વિકસિત ગુજરાત ૨૦૪૭ નો રોડ મેપ તૈયાર કર્યો છે.

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એલચીના વાયદાઓમાં ૮૩ લોટના વોલ્યુમ સાથે ભાવમાં રૂ.૧૨૭નો ઉછાળોઃ ઓપન ઈન્ટરેસ્ટ ૧૮૦ લોટના સ્તરે

**સોનાના વાયદામાં રૂ.૪૫ અને ચાંદીના વાયદામાં રૂ.૩૪૯ની નરમાઈઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૦નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૫૫૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૧૧૮૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯૧૬૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૪૦૩ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૨૭૪૩.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૫૫૬.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૧૧૮૬.૮૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૪૦૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૮૧૭.૧૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૯૧૬૯.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૨૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૪૩૮ અને નીચામાં રૂ.૯૯૯૨૬ના મથાળે અથડાઈ, રૂ.૧૦૦૧૮૫ના આગલા બંધ સામે રૂ.૪૫ ઘટી રૂ.૧૦૦૧૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨ ઘટી રૂ.૮૦૨૦૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૦૦૪૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬ ઘટી રૂ.૯૯૬૧૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૮૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૦૦૦ અને નીચામાં રૂ.૯૯૫૬૫ના મથાળે અથડાઈ, રૂ.૯૯૭૭૭ના આગલા બંધ સામે રૂ.૫૨ ઘટી રૂ.૯૯૭૨૫ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૫૨૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૫૩૦૩ અને નીચામાં રૂ.૧૧૪૨૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૫૦૨૯ના આગલા બંધ સામે રૂ.૩૪૯ ઘટી રૂ.૧૧૪૬૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૨૧ ઘટી રૂ.૧૧૪૪૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૨૮૫ ઘટી રૂ.૧૧૪૪૧૯ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૫૭૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૫૪ અને નીચામાં રૂ.૪૪૩૭ના મથાળે અથડાઈ, રૂ.૯ ઘટી રૂ.૪૪૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૫૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૨૪ અને નીચામાં રૂ.૫૪૯૪ના મથાળે અથડાઈ, રૂ.૫૪૭૬ના આગલા બંધ સામે રૂ.૨૦ વધી રૂ.૫૪૯૬ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૮ વધી રૂ.૫૪૯૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૨૪૫.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧.૪ ઘટી રૂ.૨૪૫.૬ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૯૬ના ભાવે ખૂલી, રૂ.૧૧.૫ વધી રૂ.૯૯૬.૭ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૪૬૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૭ વધી રૂ.૨૫૭૫ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૯૩૭.૩૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૨૩૨.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૪૨૫.૩૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૩.૧૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૮.૯૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૫.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૬.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૨૪.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૯૩૦.૭૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૭.૪૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૨.૦૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૨૨૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૮૮૬૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૧૭૦૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૮૯૪૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૬૮૧૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૫૧૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૪૨૦૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૪૪૯૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૭૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૩૦૯૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૫૩૮૪ લોટના સ્તરે રહ્યો હતો. એલચીના વાયદાઓમાં ૧૮૦ લોટનો ઓપન ઈન્ટરેસ્ટ હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૪૦૩ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૪૦૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૪૦૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૪ પોઈન્ટ ઘટી ૨૩૪૦૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૮ ઘટી રૂ.૩૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૮.૨૫ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭.૫ ઘટી રૂ.૫૨૧ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૬.૫ ઘટી રૂ.૧૭૪૧.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૧ પૈસા ઘટી રૂ.૫.૩ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૯ પૈસા ઘટી રૂ.૨.૧૭ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૨ ઘટી રૂ.૪૨.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા વધી રૂ.૭.૪ થયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૧૦૯૫ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧૩.૫ વધી રૂ.૨૦૭૮.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૦ પૈસા ઘટી રૂ.૨.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૮ પૈસા વધી રૂ.૧.૨ના ભાવે બોલાયો હતો.

# સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં નર્સિંગ વિદ્યાર્થીની આત્મહત્યા કેસમાં ૪ ની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા સામે સવાલો ઉઠી રહ્યા છે. છેડતીના બનાવો રોકવા અનેક પ્રયાસો છતાં રોમીયો બનીને ફરતા નબીરાઓને જાણે કાયદો કે પોલીસનો કોઈ ડર જ રહ્યો નથી.

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ઓડા ગામની વિદ્યાર્થીનીએ એસિડ ગટગટાવીને આપઘાત કરી લીધો હોવાની ઘટના બહાર આવી હતી. આ ઘટનામાં પોલીસે ૪ આરોપીઓની ધરપકડ કરી છે અને ૨ આરોપીઓ પોલીસ પકડ થી દુર છે. ચારેય આરોપીઓને કોર્ટમાં રજુ કરીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ઈડર માં ઓડા ગામની વિદ્યાર્થીની કોલેજમાં અભ્યાસ કરતી હતી.

આ વિદ્યાર્થીની એસટી બસમાં અવર જવર કરતી હતી. આ વિદ્યાર્થીની નર્સિંગનો અભ્યાસ કરતી હતી. વિદ્યાર્થીની જયારે બસમાં અવર જવર કરતી ત્યારે તેની સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેની સાથે છેડતી કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીના આપઘાત બાદ જાદર પોલીસે ગુન્હો દાખલ કર્યો હતો. પોલીસે આ બનાવમાં પ્રિન્સ પરમાર, વિરેન્દ્ર ઠાકરડા, મોહંમદ વસીમ લુહાર અને હર્ષ સોલંકીની ધરપકડ કરી છે. જયારે હિંમાંશુ પરમાર અને હર્ષ વણકર પોલીસ પકડ થી દુર છે. પોલીસે તમામ આરોપીઓને કોર્ટમાં રજુ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી સમગ્ર ઈડર પંથક અને કોલેજ પરીસરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જાદર પોલીસે શરૂઆતમાં ૨ વિદ્યાર્થીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધી હતી. પરંતુ આ ઘટનામાં અન્ય વિદ્યાર્થીઓના પણ નામ ખુલ્યા હતા,

# પ્રમોશન મળ્યા છતાં ૨૪૧ પીઆઈ ૬ મહિનાથી પોસ્ટીંગની રાહમાં: ગૃહ વિભાગે હુકમો કરી નાખ્યા બાદ કોકડુ ગુંચવાઈ ગયું

પ્રતિનિધિ,ગાંધીનગર




ગૃહ વિભાગ દ્વારા ૬ મહિના અગાઉ રાજયના ૨૪૧ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી આપી દીધા બાદ પીઆઈ તરીકે બઢતી મેળવનાર આ ૨૪૧ પીઆઈને હજુ સુધી પોસ્ટીગ નહી અપાતા બઢતી મેળવનાર પીઆઈ માં નારાજગી જોવા મળી રહી છે. બઢતી બાદ ૬ મહિના સુધી પોસ્ટીંગ ન અપાયુ હોય તેવુ ગુજરાત પોલીસના ઈતિહાસમાં પ્રથમ વખત બન્યુ છે.

રાજયના ગૃહ વિભાગ દ્વારા ૬ મહિના અગાઉ પીએસઆઈને પ્રમોશન આપીને પીઆઈ બનાવાયા હતા.જેમાં તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ સમગ્ર રાજયના ૧૫૯ પીએસઆઈને એક સાથે પીઆઈના પ્રમોશનની જાહેરાત કરવામાં આવી હતી. આ ઓર્ડર બાદ તા. ૭ એપ્રિલના રોજ વધુ ૩૩ અને તા. ૯ એપ્રિલના રોજ વધુ ૪૯ પીએસઆઈને પીઆઈના પ્રમોશન આપવાના ઓર્ડરો કરવામાં આવ્યા હતા. આમ છેલ્લા ૬ મહિના દરમિયાન કુલ ૨૪૧ પીએસઆઈ તરીકે ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ પીઆઈ બની ગયા છે પરંતુ તેઓ હજુ પણ જે તે શહેર અથવા જિલ્લામાં જ છે. પીએસઆઈમાંથી પીઆઈ બનેલા તમામ પોલીસ અધિકારીઓ કયારે અમારી બદલી થાય તેની રાહ જોઈને બેઠા છે. કેટલાકે તો નવી જગ્યાઓ માટે લોબીંગ પણ શરૂ કરી દીધુ છે. પીઆઈ બની ગયેલા અધિકારીઓ હવે નવા સ્થળે હાજર થવા માટે ઉત્સાહીત હતા પરંતુ હવે તેમનો ઉત્સાહ પણ મહિનાઓ થતા ઓસરી ગયો છે. પોલીસ વિભાગમાં ચાલતી ચર્ચા પ્રમાણે પીઆઈ થી ડીવાયએસપીના પ્રમોશન આપ્યા બાદ ખાલી પડેલી જગ્યાઓ પર પીઆઈનુ પોસ્ટીંગ કરાશે, જયારે અન્ય એક એવી પણ ચર્ચા ચાલી રહી છે કે સીઆઈડી ક્રાઈમ, એસીબી જેવી મહત્વની બ્રાન્ચોમાં વર્ષ ૨૦૦૯ કે ૨૦૧૦ ની બેચના સીનીયર પીઆઈના પોસ્ટીંગ થયા બાદ નવા પીઆઈને બદલવામાં આવશે. પીએસઆઈથી પીઆઈ ના પ્રમોશન બાદ ૬ મહિના જેટલા લાંબા સમય સુધી કોઈ પોલીસ અધિકારીઓને પોસ્ટીંગ ના અપાયુ હોય તેવુ કદાચ પ્રથમ વખત બન્યુ છે. ગૃહ વિભાગમાં પ્રમોશન બાદ લાંબા સમય સુધી નવી જગ્યાએ નિમણુંક નહી અપાતા હવે અધિકારીઓ પણ નિરાશ થઈ ગયા છે.

# નગરપાલિકાઓમાં વહિવટ અધ્ધરતાલ મહેકમની મંજુર થયેલી ૭૦ ટકા જગ્યાઓ ખાલી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં નગર પાલિકાઓના વરસો જુના પડતર પ્રશ્નો અંગે ભાજપ સરકારને વારંવાર રજુઆતો કરવા છતાં ઉકેલ ન આવતા નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા કોંગ્રેસને આગામી વિધાનસભા સત્રમાં તેમના મુદ્દાઓ રજુ કરવા આવેદનપત્ર આપ્યુ છે. ગુજરાતમાં એક બાજુ મોટાપાયે શહેરીકરણ થઈ રહ્યુ છે ત્યારે નગરપાલિકાઓની આર્થિક અને વહિવટી સ્થિતિ કફોડી થઈ રહી છે.

નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાને અપાયેલા આવેદનપત્રમાં જણાવાયુ છે કે રાજય સરકાર દ્વારા કોઈપણ વિભાગમાં મહેકમ ખર્ચ અંગે ૪૮ ટકાની મર્યાદા રાખવામાં આવી નથી પરંતુ નગરપાલિકાઓ માટે આવી મર્યાદા છે. નગરપાલિકાઓના નિયામકના ૨૦૦૪ ના પરીપત્રના કારણે અન્યાયકારી સ્થિતિ ઉભી થવા પામી છે. હાલ રાજયની ૨૩ નગરપાલિકાઓમાં પાંચમા પગારપંચના ધોરણો મુજબ, ૯૨ નગરપાલિકાઓમાં છઠ્ઠા પગારપંચ મુજબ અને ૩૧ નગરપાલિકાઓને સાતમાં પગારપંચ મુજબ કર્મીઓને લાભ મળે છે , ૩૩ નગરપાલિકાઓમાં એકપણ કર્મચારી કાયમી નથી, સમગ્ર રાજયની નગરપાલિકાઓમાં હાલ ૭૦ ટકા થી વધુ મહેકમની મંજુર થયેલી જગ્યા પણ ખાલી છે. તેના કારણે ૩૩ નગરપાલિકામાં એકપણ કર્મચારી કાયમી નથી, રોજમદાર, ફીકસ પગાર અને કરાર આધારીત કર્મીઓથી ચલાવાઈ રહ્યુ છે.

મહામંડળના પ્રમુખ અશોક રાઠોડે વધુમાં જણાવ્યુ હતુ કે શહેરી વિકાસ વિભાગ દ્વારા પણ આવી વિસંગતતા છતાં તેનુ કોઈ નિરાકરણ લાવવામાં આવતુ નથી. હાઈકોર્ટમાં કર્મચારીઓને કાયમી કરવા સહિતના અનેક કેસ ચાલી રહ્યા છે. નગરપાલિકાઓમાં સ્થાનિક પસંદગી સમિતિ જે ચુંટાયેલા પ્રતિનિધિઓની હોય છે તેના થકી ભરતી કરવામાં ફરીયાદો ઉઠતા તે રદ કરાઈ હોવાના પણ પ્રશ્નો અવાર નવાર સર્જાય છે. તેના કારણે નગરપાલિકા પસંદગી બોર્ડ બનાવવા પણ માંગણી કરાઈ છે. જો આવી જ સ્થિતિ યથાવત રહી તો આગામી કેટલાક વર્ષમાં નગરપાલિકામાં કાયમી કર્મચારીઓ રહેશે કે નહી તે સવાલ ઉભો થાય છે. આઉટસોર્સિંગના નામે કર્મચારીઓનુ શોષણ થઈ રહ્યુ છે..

# ધરમપુરમાં પાર-તાપી નર્મદા રીવર લીંક પ્રોજેકટ મુદ્દે કોંગ્રેસની મહારેલી યોજાઈઃ લાખો આદિવાસીઓ રેલીમાં ઉમટી પડયા

**ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં આદિવાસીઓ ધરમપુર ઉમટી પડયાઃ પાર-તાપી નર્મદા રીવર લીંક પ્રોજેકટમાં કુલ ૯ ડેમ બનાવવાની જોગવાઈ છે**

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



પાર-તાપી નર્મદા લીંક પ્રોજેકટનો આદિવાસી સમાજમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. ગઈ કાલે બુધવારે ગુજરાત સરકારે આ પ્રોજેકટ સ્થગિત કર્યાની જાહેરાત બાદ પણ આદિવાસી સમાજમાં વિરોધ યથાવત રહ્યો છે.

આજે ગુરૂવારે કોંગ્રેસના ઉપક્રમે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે પાર-તાપી નર્મદા રીવર લીંક પ્રોજેકટના વિરોધમાં આજે મહારેલી યોજાઈ હતી. ડેમ હટાવો સમિતિના નેતૃત્વમાં આયોજીત આ રેલીમાં ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં આદિવાસીઓ ઉમટી પડયા હતા. આદિવાસીઓની મહારેલીમાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ, કોંગ્રેસ નેતા અમિત ચાવડા સહિત અનેક સ્થાનિક આગેવાનો પણ રેલીમાં જોડાયા હતા. આદિવાસી નેતાએ કહ્યુ કે એક- બે લાખથી કંઈ નહી થાય, આપણે ડેમ જોઈતો જ નથી, તો તાપીના પૂર્વ સાંસદે મરવા સુધીની તૈયારી બતાવી હતી. કોઈ અનિચ્છિનીય ઘટના ન બને તે માટે વહેલી સવાર થી જ કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પાર-તાપી નર્મદા લીંક પ્રોજેકટનો આદિવાસી સમાજમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. આ પ્રોજેકટથી આદિવાસીઓની જમીન ડુબમાં જાય તેવી સ્થિતિ સર્જાશે એવો ભય છે, પાર-તાપી અને નર્મદા એ ત્રણેય નદીના નામ છે. એટલે આ પ્રોજેકટનુ નામ છે પાર-તાપી નર્મદા રીવર લીંક પ્રોજેકટ, પાર તાપી નર્મદા રીવર લીંક પ્રોજેકટમાં કુલ ૯ ડેમ બનાવવાની જોગવાઈ છે. જેમાં એક ઝરી ડેમ છે, જે મહારાષ્ટ્ર-ગુજરાતની બોર્ડર પાસે નાસિકમાં બનશે તેમાં ૭ ગામડાના લોકોને અસર થશે, વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં મોહના કાવચડી ડેમ બનવાનો છે. જેમાં ૧૨ ગામના લોકોને અસર થશે. ધરમપુર તાલુકાના પૈખેડ ડેમમાં ૧૩ ગામ જશે, તેમજ ધરમપુર તાલુકાના ચાસમાંડવા ડેમમાં ૧૪ ગામ જશે, ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ચીકાર ડેમ બનવાનો છે, જેમાં ૧૨ ગામ જશે, વઘઈ તાલુકાના ડાબદર ડેમમાં ૧૮ ગામ જશે અને તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કેળવણ ડેમમાં ૨૩ ગામ જશે, એટલે આ પાર-તાપી નર્મદા રીવર લીંક પ્રોજેકટ થકી કુલ ૧૧૮ થી પણ વધારે ગામ અને તેની આસપાસના ગામડાના અંદાજે ૫ લાખથી પણ વધારે લોકોને ગામ ખાલી કરીને બીજે વિસ્થાપિત થવુ પડે તેમ છે. જયાં આ ડેમ બનાવવાના છે અને ગામો ખાલી કરવાના છે તે મોટા ભાગે આદિવાસી વિસ્તાર છે.

સુત્રોના કહેવા પ્રમાણે ડીપીઆર મુજબ સરકાર આ ડેમોનુ પાણી મુંબઈ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં લઈ જવા માંગે છે, ભવિષ્યમાં મુંબઈની વસ્તીને પાણી પહોચી શકે એટલા માટે ત્યાં અત્યાર થી પાણીની વ્યવસ્થા કરાઈ રહી છે. આ પંથકના આદિવાસીઓ કહે છે કે કોઈને પાણી મળે તેનાથી અમને કોઈ વાંધો નથી. પરંતુ આદિવાસીઓનો વિનાશ કરીને વિકાસ નહી થવા દઈએ. વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યુ હતુ કે પાર-તાપી નર્મદા રીવર લીંક પ્રોજેકટનુ રાજયસભાની પ્રશ્નોત્તરીમાં એવુ કહેવામાં આવ્યુ કે ડીપીઆર તૈયાર થઈ ગયો છે એટલે પાર-તાપી સંઘર્ષ સમિતિ દ્વારા આજે અમે આવેદનપત્ર આપવાનુ નકકી કર્યુ અને અમે આવેદનપત્ર આપ્યું. અમારી એક જ માંગ છે કે અમને આ પ્રોજેકટ જોઈતો નથી એટલે શ્વેત પત્ર રજુ કરે. જેણે પત્ર બનાવ્યો એમને કહેવાનુ કે પહેલા બરાબર વાંચો અને આદિવાસીઓને મુરખ બનાવવાનુ બંધ કરો, હવે પછી અમે બીજી રેલી ડાંગમાં કરીશું.

# સ્વાતંત્ર્ય પર્વ અગાઉ રાષ્ટ્રપતિ મેડલની કરાઈ જાહેરાતઃ રાજયના ૨૩ પોલીસ જવાનોને રાષ્ટ્રપતિ મેડલ અપાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે તા. ૧૫ મી ઓગસ્ટ એટલે કે સ્વતંત્રતા દિવસની દેશભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. ત્યારે રાષ્ટ્રપતિ દ્વારા દેશના સુરક્ષા કર્મીઓને વીરતા અને સેવાચંદ્રક આપીને સન્માનિત કરવામાં આવશે. ગુજરાતના ૨૧ અધિકારીઓ અને પોલીસ કર્મીઓને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા મેડલ આપવાની જાહેરાત કરવામાં આવતા આજે આ ૨૩ પોલીસ અધિકારીઓને રાષ્ટ્રપતિ દ્વારા મેડલ અપાશે. રાજયના વિવિધ જિલ્લાઓમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે ધ્વજા રોહણ સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોન પણ આયોજન કરવામાં આવ્યુ છે. દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લામાં તિરંગો ફરકાવવાના છે અને દેશને સંબોધીત કરવાના છે. જયારે રાષ્ટ્રપતિ દ્વારા વિશિષ્ટ સેવા અને પ્રશંસનિય કામગીરી કરનારા સુરક્ષા કર્મીઓને વિરતા અને સેવા ચંદ્રક આપીને સન્માનિત કરવામાં આવશે. ચાલુ વરસે દેશભરમાંથી ૧૦૯૦ સુરક્ષા કર્મીઓને રાષ્ટ્રપતિ મેડલ આપી સન્માનિત કરાશે, જે પૈકી ગુજરાતના ૨૩ અધિકારીઓ અને પોલીસ કર્મીઓને રાષ્ટ્રપતિ મેડલ અપાશે. જેમાં (૧) આઈપીએસ પીયુષ પટેલ, ડાયરેકટર એસીબી (૨) એમ જે સોલંકી ડીએસપી (૩) આઈપીએસ શરદ સીંગલ, સંયુકત પોલીસ કમિશ્નર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ (૪) આઈપીએસ કે એન ડામોર સંયુકત પોલીસ કમિશ્નર સેકટર-૨ સુરત શહેર (૫) આઈપીએસ આર પી બારોટ અધિક પોલીસ કમિશ્નર સુરત શહેર (૬) એસીપી બી એલ દેસાઈ પંચમહાલ ગોધરા (૭) એસીપી એમ એચ વાઘેલા એડીજીપી શાખા ગાંધીનગર (૮) એસીપી બીએન દવે વલસાડ (૯) પીઆઈ મીલેન્દ , કલગાંવ વલસાડ (૧૦) પીએસઆઈ રાજેન્દ્ર સોલંકી સુરત શહેર (૧૧) પીએસઆઈ વિષ્ણુસિંહ રાઠોડ એસએમસી ગાંધીનગર (૧૨) પીએસઆઈ લલીત જોશી મડાણા (૧૩) એએસઆઈ કમલેશ પાટીલ અમદાવાદ શહેર (૧૪) એએસઆઈ અનીલ ગામીત સુરત શહેર (૧૫) એએસઆઈ પરેશ પટેલ સુરત શહેર (૧૬) એએસઆઈ સહદેવ દેસાઈ સુરત શહેર (૧૭)એએસઆઈ વિનોદ નામદેવ ખેડા નડીયાદ (૧૮) બકલ પરમાર કોન્સ્ટેબલ અમદાવાદ શહેર (૧૯) રાકેશ ભદોરીયા કોન્સ્ટેબલ અમદાવાદ શહેર (૨૦) વિક્રમસિંહ જાડેજા કોન્સ્ટેબલ ગાંધીધામ (૨૧) પંકજ રાણા એડીજીપી ઈન્ટેલીજન્સ ગાંધીનગર (૨૨) વિરેન્દ્ર ચાવડા એઆઈઓ એડીજીપી ઈન્ટેલીજન્સ (૨૩) રમેશ ત્રિપાઠી કોન્સ્ટેબલ અમદાવાદ શહેર


AMADAVAD MUNICIPAL CORPORATION
MAHANAGAR SEVA SADAN

CENTRAL LABORATORY

Short E-TENDER NOTICE NO: 02/2025-26

Short E-Tender No: 02/2025-26 "Provide Unskilled Manpower for Laboratory work to the Central Laboratory of Ahmedabad Municipal Corporation"

| | |
|---|---|
| ONLINE TENDER SUBMISSION: | 22/08/2025, UP TO 6:00 PM |
| TECHNICAL BID PHYSICAL SUBMISSION: | 25/08/2025, UP TO 4:00 PM |
| TECHNICAL BID OPENING: | 25/06/2025, UP TO 5:00 PM |
| DETAILS AND TENDER AVAILBLE ON: | https://amc.nprocure.com |

પશ્ચિમ રેલ્વે - અમદાવાદ વિભાગ

ઇ- ટેન્ડર-નોટિસ નંબર Sr. DEE/ADI/21 (25-26) તા.- 12.08.2025

32 નંગ એર કંડિશનર્સની જોગવાઈ સાથે જોડાણમાં વિધુત કાર્ય

ટેન્ડર નંબર EL-50-1-ADI-T-27-2025-26

કાર્યનું નામ: ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ સાબરમતી ખાતે વિવિધ સ્થળોએ 32 નંગ એર કંડિશનરની જોગવાઈના સંદર્ભમાં વિધુત કાર્ય.

| | |
|---|---|
| અંદાજિત ખર્ચ: 32,72,386/- | બાનાની રકમ : ₹65,500/- |

સબમિશનની તારીખ અને સમય: તા. 09.09.2025 ના 15:00 કલાક પછી નહીં.

ખુલવાની તારીખ અને સમય: તા.09.09.2025 ના બપોરે 15:30 કલાકે.

ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પશ્ચિમ રેલ્વે), ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345

વેબસાઇટની વિગતો: www.ireps.gov.in ADI 136

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

